**<u>આંક – ૧૨ અને ૧૭ સંયુક્ત થી ફરીયાદી તરફે સી.આર.પી.સી કલમ – ૧૭૩(૮) ની પેટા કલમ – ૨ મુજબ ફરી તપાસ કરવા હુકમ થવા અંગે અરજી લગત સંયુક્ત હુકમ.....</u>**

(૧) ફરીયાદી તરફે, આંક – ૧૨ તથા આંક – ૧૭ થી હાલની અરજી, રી – ઈન્વેસ્ટીગેશન માટે હાલની અરજી રજુ કરી અરજી કરવા માટે ના કારણો અને આંક – ૧૭ થી દલીલ રજુ કરેલ છે જે ની હકીકત અને દલીલો એ મુજબ ની છે કે, ફરીયાદી એ ઉપલેટા પો.સ્ટે તા. ૨૪/૦૫/૨૦૨૧ના રોજ લેખિત ફરીયાદી ઈ.પી.કો કલમ – ૪૨૦, ૪૦૬, ૪૯૮(એ), ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબ લેખિતમાં ફરીયાદી, આપેલ અને ઉપલેટા પોલીસને લેખિતમાં સ્ત્રીધનના દરદાગીના અને કરિયાવરનો સામાન આરોપીઓએ પરત આપેલ ન હોય, અને માગણી કરવા છતાં આરોપીઓ પરત આપવા નથી તેવી ધમકી, આપતા હોય તેથી ફરીયાદી એ તોના કુટુંબી જનો વચ્ચે લગ્ન મંડપમાં આરોપીઓ ઉપર વિશ્વાસ રાખી સ્ત્રી ધનનો સર સામાન સોપેલ હોવા છતાં તેઓની સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરવાના ઈરાદાથી સ્ત્રીધન ઓળવી જવા પ્રયત્ન કરતા હોય તેવી ફરિયાદ કરેલી તેમજ તા. ૨૦/૦૫/૨૦૨૧ ના રોજ તેઓના પુત્રને આંચકી લઈ તેને તેઓએ બચાવી લીધા બાદ તેઓના પુત્રને ઉપાડી જશે અને તેઓના થી કોઈ થશે નહી તેવી ધમકી આપેલ હોવા અંગેની ફરિયાદ હોવા છતાં ઈ.પી.કો કલમ – ૩૨૩, તથા ૫૦૬(૨) મુજબ પણ કોઈ આરોપી વિરુદ્ધ ચાર્જશીટ કરેલ નથી તથા પોલીસે આ બાબતની કોઈ તપાસ કરેલ નથી. અને સ્ત્રીધનનો લીસ્ટ પણ "હમણાં જરૂર નથી" તેમ કહી તેઓની પાસેથી મેળવેલ નહી અને લીસ્ટ દેવા જતા તેઓની પાસેથી લીસ્ટ સ્વીકારેલ નથી અને તેઓને ઉપલેટા પોલીસના તપાસ અધિકારીએ તેઓને જામજોધપુર પોલીસ સ્ટેશનમાં આ બાબતે ફરિયાદ કરવાનું કહેતા તેઓએ જામજોધપુર પોલીસ સ્ટેશનમાં પણ તા.૦૭/૦૬/૨૦૨૨ ના રોજ લેખિત ફરિયાદ આપેલી અને જામજોધપુર પોલીસે તેઓને કહેલ કે, “સ્ત્રીધનના દરદાગીનાની તપાસ ઉપલેટા પોલીસ કરી શકે, તેઓને ઉપલેટા પોલીસ સ્ટેશનના તપાસ અધિકારીને આ બબાતે જાણ કરતા "ફરીયાદીને સ્ત્રીધન મળી શકશે નથી તમારે જ્યાં જવું હોય ત્યાં જજો" એવું કહેતા તેઓ તપાસ પૂરી થવા સુંધી રાજ જોયેલી પરંતુ હાલમાં તેઓને જાણવા મળેલ કે, આરોપી વિરુદ્ધ ઉપલેટા પોલીસના તપાસ અધિકારીએ ફક્ત ઈ.પી.કો – કલમ ૪૯૮(એ), ૫૦૪, ૧૧૪, મુજબની ચાર્જશીટ કરલે છે અને તેઓની પોલીસના કહેવા મુજબની ફરિયાદમાં સહી લીધેલ છે. અને તેઓનું નિવેદન લખાવી લીધેલ છે જે ગેરકાયદેસર હોય

આ અરજી કરવાની જરૂર પડેલ છે. જેથી ફરીયાદી ના સ્ત્રીધનનો માલ સમાન કરિયાવર ઓળવી જણવા અંગેનો પૂરે પૂરો પ્રથમ દર્શનીય કેસ હોય જેથી સી.આર.પી.સી કલમ – ૧૭૩(૮) ની પેટા કલમ – ૨ મુજબ ફરી તપાસ કરવાની ન્યાયના હિતમાં જરૂરીયાત હોય જેથી ફરી તપાસ કરવા અધિકારી તપાસ અંગે કોર્ટ સમક્ષ ખુલાસો કરે તેવો ન્યાયના હિતમાં હુકમ કરવા અરજ અને દલીલ કરેલ છે. અરજીના સમર્થનમાં વિથપ્રોસીક્યુશન દ્વારા – ૩૪ થી નિશાની ૩૪/૧ – નામદાર સર્વોચ્ચ અદાલતનો ચુકાદો **Anant Thanur Karmuse Vs The State of Maharashtra** & **Ors**. **Criminal Appeal No**. 13 **of** 2023 **Decided On Date : 24th Fabruary** 2023 ના રોજ નિર્ણિત ચુકાદો તેઓની અરજી અને દલીલો ના સમર્થનમાં રજુ કરેલ છે.

**(૨)** તેની સાથે, આરોપ તર્ફે, આંક – ૧૩ તથા, આંક – ૧૯ થી દસ્તાવેજી પુરાવા લીસ્ટ રજુ કરેલ છે અને તેમાં, નીચે મુજબના આધારો રજુ કરેલ છે.

| **ક્રમ** | **વિગત** | **આંક/નિશાની** |
|---|---|---|
| ૦૧. | ફરીયાદી એ તા.૨૪/૦૫/૨૦૨૧ ના રોજ આરોપી વિરુદ્ધ કરેલ લેખિત ફરિયાદ. | ૧૩/૧ |
| ૦૨. | ફરીયાદી એ તા. ૦૭/૦૬/૨૦૨૨ ના રોજ આરોપી વિરુદ્ધ કરેલ ફરિયાદ. | ૧૩/૨ |
| ૦૩. | કરિયાવર સ્ત્રી ધન નું લીસ્ટ | ૧૩/૩ |
| ૦૪. | ફરીયાદીના પિતાના નામનું ફરીયાદી માટે ખરીદ કરેલ સેટ – ૧ (સોનાનું પેન્ડલ) નું બીલ. | ૧૯/૧ |
| ૦૫. | ફરીયાદીના પિતાએ ફરીયાદી માટે લગ્ન કરિયાવર પલંગ, ગાદલું, ટીપાઈ, ખુરસી, કબાટ નું ખરીદ કરેલ તેનું બીલ. | ૧૯/૨ |

**(3)** ઉપરોક્ત, હકીકત અન્વયે, ફરીયાદીની હાલની આંક – ૧૨ વાળી વાળી અરજી અન્વયે આરોપ પક્ષે કોઈ ઠોસ વાંધો તકરાર લીધેલ નથી પરંતુ,, વી.વકીલ શ્રી. બી.એ.જુનેજા ની દલીલ હે કે, આરોપી તરફે મૌખિક દલીલ કરવામાં આવેલ છે કે, ફરિયાદ સાથે ફરીયાદી દ્વારા કોઈ દસ્તાવેજી પુરાવા ઘરેણા અને અન્ય કરિયાવરના સામાન નું લીસ્ટ તપાસ કરનાર અમલદાર ને આપેલ નથી અને તપાસ ના અંતે રજુ થયેલ ચાર્જશીટ અંગે ફરીયાદી દ્વારા હાજર થઇ અને હાલની અરજી કરવામાં આવેલ છે જે

કાયદા બહાર ની છે અને, ફરીયાદી ને રજુ થયેલ ચાર્જશીટ અન્વયે ફેર તપાસ કે, વધુ તપાસ માંગવાનો કોઈ હક્ક અધિકાર રહેતો નથી. તપાસ પૂર્ણ થયેલ છે અને ફરીયાદી ની ફરિયાદ સાહેદોના નિવેદનો લેવામાં આવેલ છે તે દરમ્યાન ફરીયાદી દ્વાર કે સાહેદો દ્વાર કોઈ કરિયાવરનો સામાન અંગે લીસ્ટ કે બીલો રજુ કરેલ નથી કે લગ્ન સમયે આપવામાં આવતી વસ્તુ નું નોધવામાં આવેલ ડાયરી રજુ કરલે નથી. કે કોઈ ફોટો ગ્રાફ કે, વિડીયો રજુ થયેલ નથી. વધુમાં, તપાસ પૂર્ણ થયેલ છે અને ફરિયાદ અન્વયે ચાર્જસીટ રજુ થયેલ છે ત્યાર બાદ ફરીયાદી એ નિશાની – ૧૩/૨ અરજી સાથે નિશાની ૧૩/૩ વાળી યાદી તા. ૦૭/૦૬/૨૨ ના રોજ ફરીથી પોલીસ સ્ટેશને કરિયાવર નું લીસ્ટ રજુ કરી અને તપાસ કરવા અરજી કરેલ છે. જે દેખીતી રીતે ફરીયાદી ઈરાદા પૂર્વક આરોપીઓને માનસિક અને આર્થિક રીતે ત્રાસ આપવાના ઈરાદા થી કરેલ છે. એક વખત તપાસ પૂર્ણ થઇ ગયા બાદ અને નામદાર કોર્ટમાં ચાર્જશીટ રજુ થઇ ગયા બાદ તપાસ કરનાર અમલદાર ને વધુ તપાસ કે ફેરતપાસ કરવાનો કોઈ હક્ક અધિકાર રહેતો નથી અને, ફરીયાદી ને આવી વધુ તપાસ અને ફેરતપાસ કરવા અરજી કરવાનો કોઈ હક્ક કે અધીકાર નથી.

(૪) ઉપરોક્ત અરજીના નિકાલ માટે નીચે મુજબનો કાયદાનો મુદ્દો નિર્ણય કરવનો થાય છે?

(એ) <u>મુદા : –</u>

**(૧) શું ફરીયાદીની આંક – ૧૨ અને ૧૭ થી રજુ થયેલ અરજી અન્વયે સી.આર.પી.સી કલમ – ૧૭૩(૮) મુજબ વધુ તપાસ કે ફેર તપાસ નો હુકમ થવા પાત્ર છે ?**

**(૨) શું હુકમ ?**

(બ) <u>મુદાના નિર્ણય : –</u>

**(૧) હકારમાં**

**(૨) અરજી લગત હુકમ મુજબ.**

(૫) <u>ઉપરોક્ત મુદાના નિર્ણય માટેના કારણો નીચે મુજબ છે : –</u>

ઉપરોક્ત મુદા ના નિર્ણય માટે, અહી ફેર તપાસ અને વધુ તપાસ માટે, **સી.આર.પી.સી કલમ – ૧૭૩(૮)(૨)** ની જોગવાઈ ધ્યાને લઈએ તો, **Section –**

**173(8) –** Nothing in this section shall be deemed to preclude further investigation in respect of an offence after a report under **sub – section** (2) has been forwarded to the Magistrate and, where upon such investigation, the officer in charge of the police station obtains further evidence, oral or documentary, he shall forward to the Magistrate a further report or reports regarding such evidence in the form prescribed; and the provisions of **sub – sections** (2) **to** (6) shall, as far as may be, apply in relation to such report or reports as they apply in relation to a report forwarded under **sub – section** (2).

**(૬)** ઉપરોક્ત જોગવાઈ સાથે ફરીયાદીની અરજી અને તેની સાથે રજુ થયેલ પ્રાથમિક દસ્તાવેજી પુરાવા લીસ્ટ, અને એફ.આઈ.આર ની હકીકત ધ્યાને લેવામાં આવે તો, તા. ૧૮/૧૧/૨૦૨૦ ના રોજ સવારના મારા સાસુ શાંતાબેન તથા સસરા વીરાભાઈ તથા જેઠપંકજભાઈ તથા જેઠાણી ચારૂબેન એમ બધાએ સંપ કરી મને કહેલ કે તારે તારા માવતરે જવું હોય તો જા પણ આર્યનને અહી મુક્તિ જ અને તારે તારા દીકરા આર્યનને સાથે લેતી જાઈસ તો અમે તારા કરિયાવરનો સામાન આપીશું નહી તેમ કહેતા, મેં કહેલ કે મારા કરિયાવરનો સામાન તો તેમારે આપવો પડે, તેઓ તમામ આરોપીઓ તેઓના પર ઉસ્કેરાઈ ગયેલ અને જેમ ફાવે તેમ બોલવા લાગેલ અને ભૂંડી ગાળો દેવા લાગેલ જેથી હું મારા દીકરા આર્યનને લઈને પહેરેલ કપડે હું મારા માવતરે ઘરે ઉપલેટા રહેવા આવતી રહેલ હતી. ઉપરોક્ત હકીકત ફરીયાદી એ તેઓની અસલ ફરિયાદ અને એફ.આઈ.આરમાં ઉલ્લેખ કરેલ છે. જે હકીકત મુજબની હકીકત સાહેદોના નિવેદન (૧) ભીમાભાઈ અરજણભાઈ ભારાઈ (૨) પુંજીબેન ભીમાભાઈ અરજણભાઈ ભરાઈ (૩) કાજલબેન ભીમાભાઈ અરજણભાઈ ભરાઈ (૪) અભય ભીમાભાઈ અરજણભાઈ ભરાઈ ના નિવેદનમાં આવેલ છે. જેથી અહી તકરાર મૂળ ફરીયાદીના દીકરા ની કસ્ટડી બાબતે ફરીયાદી એન તેના સાસુ સસરા અને અન્ય આરોપી ઓ વચ્ચે થયેલ છે. અને તે, અંગે ફરીયાદી ને જો પુત્ર આર્યનને ફરીયાદી તેની સાથે માવતરે લઈ જશે તેઓ તેનો કરિયાવરનો સામાન પરત નહી આપે તેવી આરોપીઓ એ ધમકી આપેલ હોવાનો આક્ષેપ છે. આ તબ્બકે, ચાર્જશીટ અને તેની સાથે રજુ આધર પુરાવા અને સાહેદોના નિવેદન ને લક્ષે લેતા તેમાં, ફરીયાદી ને તેઓના કરિયાવરનો સામાન આરોપીઓ દ્વારા સોપી આપવામાં આવેલ હોઈ તેવી કોઈ તપાસમાં હકીકત ખૂલેલ નથી. વધુમાં, તપાસ કરનાર અમલદાર દ્વારા, ફરીયાદી પાસે તેની કરિયાવર બાબતે કોઈ વિશેષ નિવેદન લીધેલ હોઈ અને કોઈ આધારો મેળવી તપાસમાં રજુ કરલે નથી. પરંતુ, આખરી એહવાલ માત્ર ફરિયાદ અને તેના નજીકના સગાના નોધી લઈ અને, ચાર્જશીટ રજુ કરલે છે. ફરીયાદીના

કરિયાવર કે જે ફરીયાદીનું સ્ત્રી ધન કહેવાય તે ફરીયાદીની અંગત અને તેના માવતર તરફ થી આપવામાં આવેલ મિલકત હોઈ જે હાલ આરોપીઓ પાસે રહેલ હોઈ તેવું પ્રાથમિક હકીકત પર થી ફલિત થાય છે અને આ બાબતે ફરીયાદીએં, તેની અસલ ફરિયાદ અને એફ.આઈ.આર માં ઉલેખ કરેલ છે પરંતુ, તપાસ કરનાર અમલદાર દ્વારા આ દિશામાં કોઈ તપાસ થયેલ જણાતી નથી. વધુમાં, ફરીયાદી દ્વારા, તપાસ કરનાર અમલદાર દ્વારા થયેલ ચાર્જશીટ અંગે ની હકીકત જાણતા તેના દ્વારા ફરીથી નિશાની – એ નિશાની – ૧૩/૨ અરજી સાથે નિશાની ૧૩/૩ વાળી યાદી તા. ૦૭/૦૬/૨૨ ના રોજ ફરીથી પોલીસ સ્ટેશને કરિયાવર નું લીસ્ટ રજુ કરી અને તપાસ કરવા અરજી કરેલ છે. અને તે અંગે પોલીસે કોઈ કાર્યવાહી ના કરતા અત્રેની કોર્ટમાં વિથપ્રોસીક્યુશન વકીલ મારફતે આંક – ૧૨ અને ૧૭ થી અરજી રજુ કરલે છે અને કરિયાવર સ્ત્રી ધન નું લીસ્ટ નિશાની – ૧૩/૩, ફરીયાદીના પિતાના નામનું ફરીયાદી માટે ખરીદ કરેલ સેટ – ૧ (સોનાનું પેન્ડલ) નું બીલ નિશાની – ૧૯/૧, ફરીયાદીના પિતાએ ફરીયાદી માટે લગ્ન કરિયાવર પલંગ, ગાદલું, ટીપાઈ, ખુરસી, કબાટ નું ખરીદ કરેલ તેનું બીલ નિશાની – ૧૯/૨ થી રજુ કરલે છે. આમ સમગ્ર હકીકત ધ્યાને લેતા, તપાસ કરનાર અમલદાર દ્વારા, સ્થાનિકે જઈ અને ફરિયાદ હકીકત વાળો સ્ત્રી ધન કરિયાવર નો સામાન અંગે કોઈ તપાસ કરેલ નથી કે ફરીયાદી પાસે કે લીસ્ટ કે બીલો મેળવેલ નથી. આ તબ્બકે, નામદાર સર્વોચ્ચ અદાલતનો ચુકાદો, **Anant Thanur Karmuse Vs The State of Maharashtra & Ors. Criminal Appeal No.** 13 **of** 2023 **Decided On Date** : 24th **Fabruary** 2023 – Mere filing of the charge sheet and framing of the charges cannot be an impediment in ordering further investigation/re-investigation/de novo investigation. **"Mere Framing Of Charges No Bar To Order Further Investigation ; Victim Has Fundamental Right Of Fair Investigation"** સાથે, **In 'Gobardhan Das Vs. State of Orissa** 2000 **Crl LJ** 1641', it was also held that after the Magistrate has taken cognizance, reinvestigation by the police is not barred. Moreover the trial court can order further investigation under **Section** – 173(8) of CrPC on the basis of **application preferred in this regard by the de facto complainant at any stage irrespective of the stage of pre-cognizance or post cognizance stage, even after the commencement of the trial.** Therefore, the contention raised by the respondents against the powers of the learned Magistrate in ordering further investigation after framing of charge is not sustainable. આમ, ઉપરોક્ત બન્ને ચુકાદા ધ્યાને લેતા, અને રેકર્ડ પર ની હકીકત અને તપાસ કરનાર દ્વાર કરવામાં આવેલ એહવાલ (ચાર્જશીટ) લક્ષે લેતા, તથા આરોપીઓ સામે હાલ કોઈ ચાર્જ ફ્રેમ થયેલના હોઈ જેથી

મુદા નં. ૧ નો જવાબ હકારમાં ઠરાવી મુદા નં. ૨ અન્વયે નીચે મુજબ નો હુકમ ન્યાયના હિતમાં કરવામાં આવે છે.

**– :: હુકમ :: –**

આથી, અત્રેની કોર્ટ ને સી.આર.પી.સી કલમ – ૧૭૩(૮)માં રહેલ વિવેકાધીન સત્તાઓ ને ધ્યાને લેતા તથા ઉપરોક્ત બન્ને માર્ગદર્શક ચુકાદાઓને લક્ષે લેતા ફરીયાદીની વિથ પ્રોસીક્યુશન રજુ થયેલ આંક – ૧૨ અને ૧૭ વાળી બન્ને અરજી સંયુક્ત રીતે ન્યાયના હિતમાં મંજુર કરવામાં આવે છે અને, આથી તપાસ કરનાર અમલદાર ને આદેસ કરવામાં આવે છે કે, તેઓ એ ફરીયાદી એ રજુ કરેલ ફરીયાદી તા.૨૪/૦૫/૨૦૨૧ ના રોજ ની લેખિત ફરિયાદ નિશાની – ૧૩/૧ અન્વયે, તા.૦૭/૦૬/૨૦૨૨ નારોજ કરિયાવર અંગે તપાસ થવા કરેલ અરજી સાથે નિશાની – ૧૩/૨, કરિયાવર સ્ત્રી ધન નું લીસ્ટ નિશાની – ૧૩/૩, ફરીયાદીના પિતાના નામનું ફરીયાદી માટે ખરીદ કરેલ સેટ – ૧ (સોનાનું પેન્ડલ) નું બીલ નિશાની – ૧૯/૧, અને ફરીયાદીના પિતાએ ફરીયાદી માટે લગ્ન કરિયાવર પલંગ, ગાદલું, ટીપાઈ, ખુરસી, કબાટ નું ખરીદ કરેલ તેનું બીલ નું નિશાની – ૧૯/૨. અંગે ફરીયાદી સાથે સ્થાનિકે જઈ અને વિગતે તપાસ કરી બે તટસ્થ પંચોની હાજરીમાં પંચનામું કરી અને આરોપીઓના નિવેદન લઈ અને, ફરીયાદી નું કરિયાવર કબજે લઈ અને ગુના ના કામે તેની ઈન્વેન્ટરી તૈયાર કરી આ હુકમ થયેલ થી દિન – ૧૫ માં આ બાબતે વિગત વાર વધારાનો એહવાલ પાઠવવા હુકમ કરવામાં આવે છે.

આજ રોજ તારીખ – ૨૩, માહે – જાન્યુઆરી, સને ૨૦૨૪ ના રોજ મારી સહી કરી ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**સ્થળ : – ઉપલેટા**
**તા. ૨૩/૦૧/૨૦૨૪**

**(આનંદ. એ. દવે)**
**જુડીસીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ – ઉપલેટા**
**જીલ્લો – રાજકોટ, GJ01442.**